ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૨૯.૫ ડીગ્રી
લઘુતમ : ૨૬.૦ ડીગ્રી
ભેજ
સવારે ૯૭ ટકા ● સાંજે ૯૭ ટકા

# સે-૬માં નવિન કોમર્શીયલ કોમ્પ્લેક્ષ સ્પર્ધાત્મક પરીક્ષાનું હબ




ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર શહેરમાં અત્યારે હાલના સમયે ૬૦ થી વધુ નાની મોટી સ્પર્ધાત્મક કલાસની હાટડીઓ ધમધમી રહી છે. શહેરના મુખ્યમાર્ગો તેમજ સેકટરોમાં આવેલ છુટાછવાઈ હાટડીઓમાં રાજયભરમાંથી આવેલા ઉમેદવારો વિવિધ પરિક્ષાની તાલિમની તૈયારી કરી રહ્યા છે ત્યારે શહેરના મુખ્ય ઘ-૨ સર્કલની પાસે આવેલ અપનાબજારની બાજુમાં નવિન કોમ્પલેક્ષ તૈયાર થઈને કાર્યરત થયા છે. ત્યારે આ કોમ્પ્લેક્ષમાં ૧૦ થી વધુ સ્પર્ધાત્મક પરિક્ષાના કલાસ શરુ થઈ ગયા છે. જેને પગલે શહેરમાં આ નવિન વિસ્તાર સ્પર્ધાત્મક પરિક્ષાનું હબ બની ગયું હોય તેવું લાગી રહ્યું છે. ત્યારે આગામી સમયમાં આ કોમ્પ્લેક્ષ સ્પર્ધાત્મક પરિક્ષાના સંચાલકો માટે પણ સ્પર્ધા ન બની જાય તે જોવું રહ્યું.

ગાંધીનગર છેલ્લા એક દાયકાથી સ્પર્ધાત્મક પરિક્ષાના કેન્દ્રનું હબ બની જવા પામ્યું છે. નાનકડા શહેરમાં અન્ય શહેરો કરતા સ્પર્ધાત્મક પરિક્ષાની ૫૦ થી વધુ હાટડીઓ ધમધમે છે. રાજયમાંથી હજ્જારો વિદ્યાર્થીઓ વિવિધ પરિક્ષાલક્ષી તાલિમ માટે ગાંધીનગરમાં વસવાટ કરે છે. શહેરના સેકટરોમાં તેમજ મુખ્યમાર્ગો પર છુટા છવાયા કલાસ કાર્યરત છે. જેથી અન્ય શહેરના વિદ્યાર્થીઓને કલાસીસમાં જવા માટે ભારે તકલીફનો સામનો કરવો પડી રહ્યો છે. ત્યારે સે-૬ અપના બજારની બાજુમાં તૈયાર થયેલા ન્યું કોમર્શીયલ કોમ્પ્લેક્ષમાં એક સાથે ૧૦ થી વધુ સ્પર્ધાત્મક પરિક્ષાના વર્ગો ધમધમી રહ્યા છે. ત્યારે એકસાથે તાલિમવર્ગો છુટતા શાળા છુટી હોય તેવો માહોલ જોવા મળે છે. સ્પર્ધાત્મક કલાસીસને પગલે આ વિસ્તારમાં પણ ભારે ભીડ જોવા મળે છે.

# ચરેડીમાં ગંદકીને પગલે નાગરિકોના આરોગ્ય સામે ખતરો

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર શહેરના ઘ-૭ પાસે આવેલ ચરેડી છાપરા વિસ્તારમાં હજ્જારો શ્રમિક પરિવારો વસવાટ કરે છે. શિયાળા અને ઉનાળાની સિઝનમાં તો પરિવારોનો શાંતિથી સમય પસાર થઈ જાય છે. પરંતુ અહીં વસવાટ કરતા નાગરીકોની હાલત ચોમાસાની સિઝનમાં કફોડી બની જવા પામે છે. ખદબદતી ગંદકી અને મચ્છરોના ત્રાસથી શ્રમિકો શાંતિથી નિંદર પણ લઈ શકતા નથી. ચરેડી છાપરા વિસ્તારના હજ્જારો નાગરીકો ખદબદતી ગંદકી વચ્ચે રહેવા મજબુર બન્યા છે. કાદવ-કિચડને પગલે મચ્છરોનો ત્રાસ વધતા નાગરીકોના આરોગ્ય સામે પણ ખતરો ઝળુંબી રહ્યો છે. ગંદકીને કારણે છાપરા વિસ્તારમાં મચ્છરજન્ય રોગચાળો માથુંઉંચકે તેવી ભિતી સેવાઈ રહી છે. ચરેડી છાપરા વિસ્તારમાં સત્વરે સફાઈ થાય અને ખદબદતી ગંદકીમાંથી મુકિત મળે તેમ નાગરીકો ઈચ્છી રહ્યા છે.

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સ્વચ્છ ભારત અભિયાન હેઠળ શહેરમાં ઠેરઠેર સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવે છે. તંત્રના અધિકારીઓ શહેરને સ્વચ્છ બનાવવા માટે કમરકસી રહ્યા છે. છતા પણ શહેર હજુ પણ ચોખ્ખું ચણક બની ગયું નથી. શહેરના સીમાડાને અડીને આવેલા ચરેડી છાપરા વિસ્તાર હરહંમેશ ગંદકીથી ખદબદે છે. ત્યારે સામાન્ય દિવસોમાં તો પરિવારો પરિસ્થિતિનો સામનો કરીને લડી લે છે. પરંતુ ચોમાસાની સિઝનમાં ચરેડીમાં રહેતા હજ્જારો પરિવારોની મુસીબતમાં વધારો થવા પામે છે. એકતરફ ગંદકી અને બીજીતરફ વરસાદી પાણીના ભરાવાને પગલે કાદવ-કિચડ થતા નાગરીકોનું જીવવુ મુશ્કેલ બની જાય છે. પાણીજન્ય અને મચ્છરજન્ય રોગાચાળાએ શહેરને અજગરી ભરડો લીધો છે તેવી સ્થિતિમાં ગંદકીથી ખદબદતા ચરેડી વિસ્તારમાં રહેતા નાગરીકોના આરોગ્ય સામે પણ મોટો પ્રશ્નાર્થ ઉભો થવા પામે છે. ચરેડી વિસ્તારના નાગરીકોને માત્ર ચુંટણી સમયે જ રાજકીય પક્ષો દ્વારા યાદ કરવામાં આવે છે, બાકીના સમયમાં કોઈ આ વિસ્તારમાં ડોકીયું કરવા પણ જતું નથી. ત્યારે ગંદકી અને ચોમાસાના વરસાદી પાણીના ભરાવાને કારણે શ્રમિકો ત્રાહીમામ પોંકારી ઉઠ્યા છે. રાત્રીના સમયે મચ્છરોના ત્રાસથી રહીશો શાંતિથી સુઈ પણ શકતા નથી. ત્યારે ખદબદતી ગંદકી અને નર્કાગાર જેવી સ્થિતિમાં રહેવા નાગરીકો મજબુર બન્યા હોય તેવું લાગી રહ્યું છે. ગંદકીને પગલે મચ્છરજન્ય રોગચાળો ના ફેલાય તે માટે સત્વરે દવાનો છંટકાવ કરવામાં આવે તેમજ તંત્ર દ્વારા યોગ્ય સફાઈ કરાવવામાં આવે તેવું નાગરીકો ઈચ્છી રહ્યા છે.






## ચિલોડા સ્ટેન્ડે સુકા વૃક્ષોથી અકસ્માતની ભિતી

ચિલોડામાં ગાંધીનગર તરફ જવા માટે બનાવાયેલા પીક અપ સ્ટેન્ડને અડીને આવેલા મૃતપાય સુકા વૃક્ષો યમદૂત સમાન ભાસી રહ્યા છે. દૈનિક હજારોની સંખ્યામાં મુસાફરોની આવનજાવન વાળા અને મુસાફર રીક્ષાઓ તથા ખાનગી વાહનોના પાર્કિંગ સ્થળ પાસે જ બે સુકા વૃક્ષો ઘણા સમયથી પડુ પડુ સ્થિતિમાં છે. જોરદાર વાવાઝોડા કે વરસાદ થકી મસ મોટા અકસ્માતની દહેશત વચ્ચે અજાણ્યા મુસાફરોના જીવ જોખમમાં લાગી રહ્યા છે ત્યારે સત્વરે વન વિભાગ આ વૃક્ષોને હટાવી લે તે અનિવાર્ય બન્યું છે. તંત્રની અનદેખી જીવલેણ બની શકવાની સંભાવનાઓ સ્થાનિક લોકોમાં ઉભી થઈ છે. ખરેખર વન વિભાગ દ્વારા પોતાના તાબામાં આવતા આવા વૃક્ષોને ચોમાસા પહેલાં જ દૂર કરવા કાર્યવાહી કરવી જોઈએ પરંતુ માર્ગો ઉપર કે જરૂર જણાય ત્યાં વન તંત્રની કામગીરી બિલકુલ દેખાતી જ નથી તે શરમજનક બાબત હોવાનો ગણગણાટ થઈ રહ્યો છે.

# બી.પી. કોલેજ ઓફ બીઝનેસ એડમીનીસ્ટ્રેશનના વિદ્યાર્થીઓનું વેરટેકસ વોલ્ટમાં પ્લેસમેન્ટ

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગરની કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બી.પી. કોલેજ ઓફ બીઝનેસ એડમીનીસ્ટ્રેશન (બીબીએ) કોલેજ દ્વારા સમગ્ર વર્ષ દરમ્યાન સાતત્ય પૂર્વક બીબીએનાં ફાઈનલ સેમેસ્ટરનાં વિદ્યાર્થીઓ તેમજ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ માટે પ્લેસમેન્ટનું આયોજન વર્ષ પર્યંત થતું રહે છે. જે અન્વયે કોલેજ કેમ્પસ ખાતે વેરટેક્સ વોલ્ટનાં સહયોગથી વિદ્યાર્થીઓને પાર્ટટાઈમ જોબ પ્લેસમેન્ટ ઉપલબ્ધ કરાવવામાં આવ્યું હતું. આજના પ્લેસમેન્ટ કાર્યક્રમમાં કોલેજનાં ૧૯ વિદ્યાર્થીઓ જોડાયા હતા. બીબીએ કોલેજ વતી ડો. જયેશ તન્ના દ્વારા કંપનીનાં પ્રતિનિધિને પ્રી પ્લેસમેન્ટ ટ્રેનીંગ માટે આવકારવામાં આવ્યા હતા. ત્યારબાદ કંપની પ્રતિનિધિ વિજય પટનાયક (વેરટેક્સ વોલ્ટ ના માર્કેટિંગ મેનેજર-ગાંધીનગર) દ્વારા વિદ્યાર્થીઓને પ્રીપ્લેસમેન્ટ તાલીમ આપી હતી. તેમણે વિદ્યાર્થીઓને જણાવ્યું કે તેઓએ ઉપરોક્ત કંપની માટે અનેક ઉમેદવારો ને પસંદ કર્યા છે. આજનાં પ્લેસમેન્ટ ડ્રાઈવમાં વિદ્યાર્થીઓને જણાવ્યુ હતું કે તેમણે અનેક વિદ્યાર્થીઓને જરૂરી લાયકાત કેળવવા માટે તાલીમ આપેલ છે. ત્યારબાદ તેઓને આગળની પ્રોસેસમાં જવાનું રહેશે. જેમાં દ્વિતીય તબક્કાના ફાઈનલ ઈન્ટરવ્યુનું આયોજન કરશે અને પસંદગી પામેલ ઉમેદવારને નિમણુક આપવામાં આવશે. અત્રે વિદ્યાર્થીઓને પ્રાઈવેટ સેક્ટરમાં કારકિર્દી ઘડતરની અપાર તકો તેમજ ખુબ ઝડપથી સફળ બનવા માટેનાં સૂચનો કરવામાં આવ્યા હતા. પસંદગી પામેલા વિદ્યાર્થીઓને ૮,૫૦૦ના માસિક પેકેજથી શરૂઆત કરાવવામાં આવશે. સમગ્ર પ્લેસમેન્ટ ડ્રાઈવ કોલેજનાં આચાર્ય ડો. રમાકાંત પૃષ્ટિ તેમજ ટ્રેનીંગ અને પ્લેસમેન્ટ સમિતિનાં હેડ ડો. જયેશ તન્ના અને પ્રો. આશિષ ભુવા દ્વારા પ્રયત્નો કરી સફળ બનાવવામાં આવી હતી.



**@ગાંધીનગર**

● સે-૨૩ સ્વામિનારાયણ મંદિરમાં મધુર ગુટીકાના કલાત્મક હિંડોળામાં ઠાકોરજીને સાંજે ૫.૦૦ થી ૮.૧૫ કલાક દરમિયાન ઝુલાવવામાં આવશે.

● સે-૨૧ શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી ખાતે મોતીના હિંડોળા સાંજે ૬.૩૦ થી ૭.૧૫ કલાક દરમિયાન યોજાશે.

● મા મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા આનંદનો ગરબો શરણ રેસીડન્સી સી-૩૦૩ સરગાસણ ખાતે બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન યોજાશે.

● રોટરી કલબ ઓફ કેપિટલ દ્વારા જીએસટી અંગે સેમિનાર ૫.૩૦ થી ૮.૩૦ કલાક દરમિયાન સ્ટાફ ટ્રેનિંગ કોલેજ, સે-૧૭ ખાતે યોજાશે.

## સે-૨૨ ગણેશોત્સવમાં બેસ્ટ સીંગર ઓફ ધ સીટી કાર્યક્રમનું આયોજન કરાયું

ગાંધીનગર, તા.૧૪

શ્રી સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ ગાંધીનગર દ્વારા શહેરના સ્થાપના સમયથી ગણેશ મહોત્સવની ઉજવણી કરે છે. ગણેશ ઉત્સવ સાચા શબ્દોમાં લોક ઉત્સવ બની રહે છે. ત્યારે સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ દ્વારા ગણેશ ઉત્સવમાં વિવિધ કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવે છે. આગામી સમયમાં આવનાર ગણેશ મહોત્સવમાં બેસ્ટ સીંગર ઓફ ધ સીટી ના લોકપ્રિય કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. ગણેશ મહોત્સવ તા. ૨૫-૮-૧૭ થી તા. ૩૦-૮-૧૭ દરમિયાન સે-૨૨ રંગમંચ પાસે રાખવામાં આવેલ છે. બેસ્ટ સીંગર ઓફ ધ સીટીમાં ભાગ લેવા ઈચ્છુક નગરના દરેક કલાપ્રેમીએ સ્પર્ધા માટેનું પ્રવેશ પત્ર મિનાક્ષી ટ્રેડર્સ પ્લોટ નં-૩૮૧ તૃપ્તી પાર્લરની બાજુમાં સે-૧૬ ખાતેથી મેળવીને ભરીને તા. ૨૯-૭-૧૭ સુધીમાં સંપૂર્ણ વિગત ભરીને પરત કરવાનું રહેશે. કાર્યક્રમને સફળ બનાવવા માટે સંસ્થાના અધ્યક્ષ નિશીત વ્યાસ, અને પ્રોગામ કોઓર્ડીનેટર શૈલેષ પવાર ભારે જહેમત ઉઠાવી રહ્યા છે.

**આઈ લવ માય ગાંધીનગર**



**ચાણક્ય જોષી**

**ગાંધીનગર ગમે**

મજાનું શહેરમાં વસતા સહૃદયી નાગરિકોના કારણે ગાંધીનગર ગમે છે.

**નગરજનો**

પારકાંને પોતાનાં કરીને આજીવન સંબંધ નિભાવી જાણે એવાં સ્નેહાળ નગરજનો આ નગરમાં વસે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

સૅ. ૨૮ જીઆઈડીસી ઍસોસિએશન, કડી સર્વ વિશ્વવિદ્યાલય, ઉદ્‌ગમ ટ્રસ્ટ, ગ્રો ફાઉન્ડેશન, જેસીઆઈ, ગ્રો ફાઉન્ડેશન, જુનિયર સિટિઝન કાઉન્સિલ, સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ તેમજ જી ઈ ક્લબ દ્વારા કરવામાં આવતી સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ખૂબ ગમે છે.

**નગરને બહેતર બનાવવા**

નાના-મોટા સૌ નાગરિકોનો સહૃદયી, સક્રિય સહકાર મળે તો નગરને બહેતર બનાવી શકાય.

**નગર માટે હું કરી શકું**

વ્યક્તિત્વ વિકાસની કામગીરી માટે મારી સઘળી મદદ આપવા માટે હું તૈયાર છું.

## સોમનાથ સંસ્કૃત યુનિવર્સીટી માન્ય ડિપ્લોમા કક્ષાના જયોતિષ વર્ગોમાં પ્રવેશ જોગ

ગાંધીનગર, તા.૧૪

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સીટીની માન્યતાથી ધ વૈદિક એસ્ટ્રોલોજીકલ ફાઉન્ડેશન, ગાંધીનગર દ્વારા ગાંધીનગર ખાતે જયોતિષ શાસ્ત્રના ડિપ્લોમા કક્ષાના પાંચ કોર્ષ ચલાવવામાં આવે છે. આ અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા ઉમેદવારોએ તા. ૧૬ અને ૨૩ જુલાઈને રવિવારના દિવસે જ પ્રવેશ મેળવવા માટે સંપર્ક કરવાનો રહેશે તથા ફોર્મ ભરવાની છેલ્લી તા. ૨૮-૭-૧૭ રહેશે.

ધ વૈદિક એસ્ટ્રોલોજીકલ ફાઉન્ડેશન, ગાંધીનગર દ્વારા ડિપ્લોમા ઈન યોગ/મંદિર વ્યવસ્થાપન, જયોતિષ, વાસ્તુશાસ્ત્ર અને કર્મકાંડના અભ્યાસ છેલ્લા એક વર્ષથી ગાંધીનગરમાં શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સીટીની માન્યતાથી ચલાવવામાં આવે છે. આ તમામ કોર્ષનો સમયગાળો એક વર્ષનો છે. આ કોર્ષમાં રસ ધરાવતા વ્યક્તિઓએ તા. ૧૬, ૨૩, અને ૩૦ જુલાઈને રવિવારના દિવસે જ પ્રવેશ મેળવવા માટે શ્રી સરસ્વતિ ડિપ્લોમા અભ્યાસ કેન્દ્ર, શ્રી સરસ્વતિ વિદ્યામંદિર, પ્લોટ નંબર- ૬૯૭, સેકટર-૬/બી, ગાંધીનગર ખાતે સવારના ૧૧.૦૦ કલાકે સંપર્ક કરવાનો રહેશે. તેમજ આ જ તારીખથી વર્ગોનો પણ આરંભ થશે. આ અંગેની વધુ વિગતો માટે દિપાલીબેન જોષી તથા પ્રમુખ શ્રી વિષ્ણુભાઈ વૈષ્ણવના મોબાઈલ નંબર – ૯૯૨૪૪૯૮૧૫૯ તથા ૯૮૨૪૬ ૪૭૪૩૫ પર સંપર્ક કરવા જણાવ્યું છે.

## વોર્ડ નં. ૮માં સ્ટ્રીટ લાઈટો છેલ્લા ત્રણ માસથી બંધ

ગાંધીનગરમાં 'ઈઈએસએલસીએસ' દ્વારા સ્ટ્રીટ લાઈટની જાળવણી કરવામાં આવે છે. ઉકતનો ટોલ ફ્રી નં. ૧૮૦૦૧૮૦૩૫૮૦ ઉપર સંબંધિત કચેરીઓને વોર્ડ પ્રમુખ મેહુલભાઈ પટેલ, મહામંત્રી શૈલેષભાઈ સોની, ઓમકારેશ્વર મહાદેવ ટ્રસ્ટના પ્રમુખ જગદીશભાઈ રાવલ નગરસેવકો પ્રવિણાબેન વોરા, નરેશભાઈ પરમાર દ્વારા વારંવાર રજુઆતો કરાયેલ છે. એકાદ માસ જેટલો સમય થવા છતાં સ્ટ્રીટલાઈટો રીપેર થઈ નથી. સેકટરના સરકારી દવાખાનાની આજુબાજુની લાઈટ ત્રણ માસથી બંધ છે. ઉક્ત ગંભીર બાબત માટે અધિકારીઓ સત્વરે સેકટર-૧, ૨, ૩ ન્યુ અને ૪ તથા ઈન્ફોસીટી વિસ્તારની સ્ટ્રીટ લાઈટો ચાલુ કરે તેવી રહીશોની માંગણી છે.

# કડી સર્વ વિશ્વ વિદ્યાલય ખાતે કાવ્યરચના અને કાવ્યપઠન વિશે શિબિર યોજાઈ

ગાંધીનગર, તા.૧૪

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન ફેકલ્ટી ઓફ એજયુકેશન, સેકટર-૨૩, ગાંધીનગર અને શ્રી મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળના સંયુકત ઉપક્રમે વિદ્યાર્થીઓને કાવ્યરચના અને કાવ્યપઠનની લાક્ષણિકતાઓની જાણકારી મળે રહે તેમજ શિબિરાર્થીઓ કાવ્યરચનાનું લેખન કાર્ય કરે તે હેતુથી કાવ્યરચના અને કાવ્યપઠન વિશેની શિબિરના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.



સદર કાર્યક્રમના આરંભે પ્રા. શ્રી નરેન્દ્રભાઈ નાયીએ સાહિત્ય વર્તુળના ઉદેશોની જાણકારી આપી શ્રી મોહનલાલ પટેલના જીવન અને કવન વિશેની માહિતી આપી હતી. ત્યારબાદ ઉપસ્થિત મહેમાન કવિ શ્રી શૈલેષભાઈ પંડયાનો પરિચય આપી કવિતા ક્ષેત્રે તેમને આપેલા પ્રદાન વિશેની માહિતી આપી હતી. કવિશ્રી શૈલેષભાઈ પંડયાએ કવિતા એટલે શું? કવિતાની શકિતઓ, કાવ્યમાં ધ્વની વિગેરે વિશે ઝીણવટપૂર્વકની માહિતી આપી વિવિધ કવિઓની કાવ્યરચનાઓનું તેમજ પોતાની સ્વરચિત કૃતિઓનું પઠન કર્યુંહતું. કેમ્પસ ડાયરેકટર ડૉ. સોમભાઈ પટેલ, ડૉ. આર.જે. વ્યાસ તેમજ એસ.એસ. પટેલ કોલેજ ઓફ એજયુકેશનના એચ.ઓ.ડી. જીજ્ઞાસાબેન જોશી વિગેરેએ પોતાના પ્રતિભાવો વ્યકત કર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ગામીત આશાએ કર્યું હતું.

## ગાંધીનગર વસાહતી બેતાલીસ ગામ વણકર સમાજની બેઠક મળશે

ગાંધીનગર, તા.૧૪

શ્રી ગાંધીનગર વસાહતી બેતાલીસ ગામ (પાંચ ગોળ) વણકર સમાજ ગાંધીનગરની બીજી વાર્ષિક સામાન્ય સભા તા. ૧૬મી જુલાઈ સવારે સાડા નવ કલાકે ડૉ. બાબા સાહેબ આંબેડકર ભવન સે-૧૨ ગાંધીનગર ખાતે યોજાનાર છે. સભાસદોને હાજર રહેવા મહામંત્રી ડૉ. એ.એસ. સોલંકીએ જણાવેલ છે.

# જલારામ મહિલા મંડળે વિવિધ સ્પર્ધાઓનો આનંદ માણ્યો



ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગરના જલારામ મહિલા મંડળ દ્વારા સેકટર-૨૯માં જલારામ ધામ ખાતે મહિલાઓ માટે વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધાઓમાં મંડળની મહિલા સભ્યોએ મોટી સંખ્યામાં ભાગ લઈ ઉત્સાહપૂર્વક સ્પર્ધાનો આનંદ માણ્યો હતો.

જલારામ મહિલા મંડળ દ્વારા મહિલાઓ માટે વિવિધ રચનાત્મક પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે. આ ઉપરાંત મહિલાઓ માટે મનોરંજક આયોજનો પણ હાથ ધરવામાં આવે છે. તાજેતરમાં જલારામ ધામ ખાતે મંડળની સભ્ય મહિલાઓ માટે વેશભૂષા, મહેંદી સ્પર્ધા તથા આરતી ડેકોરેશન સ્પર્ધા વગેરેનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધાઓમાં ભાગ લઈને મહિલાઓને મોજ પડી ગઈ હતી. સ્પર્ધામાં વિજેતા મહિલાઓને ઈનામોથી સન્માનવામાં આવી હતી. જેમાં વેશભૂષા હરિફાઈમાં બંસી ધોકાઈ, રિયા ઠકકર અને ભારતીબેન પોપટ વિજેતા થયા હતા. આ ઉપરાંત મહેંદી હરિફાઈમાં જીનલ ઠકકર અને રિયા ઠકકર વિજેતા બન્યા હતા જયારે આરતી સુશોભન હરિફાઈમાં રિયા ઠકકર તથા જીનલ ઠકકર ક્રમાનુસાર વિજેતા બન્યા હતા. સ્પર્ધામાં ભાગ લેનાર તમામ સ્પર્ધકોને આશ્વાસન ઈનામોથી સન્માનિત કરાયા હતા. સ્પર્ધામાં જસુમતીબેન ઠકકરે નિર્ણાયક તરીકે સેવાઓ આપી હતી. કાર્યક્રમના અંતમાં નીતાબેન ધોકાઈએ આભાર દર્શન વ્યકત કર્યું હતું. કાર્યક્રમનું આયોજન મંડળના પ્રમુખ વિદ્યાબેન તન્નાના માર્ગદર્શનમાં કરાયું હતું.

## ચિરવિદાય

- સ્વ. નંદુબા રામસિંહ વાઘેલા, ઉ.વ. ૭૦
- સ્વ. કાશીબેન ભીખાભાઈ પ્રજાપતિ, ઉ.વ. ૮૫
- સ્વ. પૃથ્વીસિંહ ગોપાલસિંહ ચાવડા, ઉ.વ. ૭૬
- સ્વ. મણીબેન હિરાભાઈ ભરવાડ, ઉ.વ. ૬૫
- સ્વ. અમરતજી ડાહ્યાજી ઠાકોર, ઉ.વ. ૫૫
- સ્વ. માધાજી જવાજી ઠાકોર, ઉ.વ. ૬૨
- સ્વ. પરબતજી નથ્થાજી ઠાકોર, ઉ.વ. ૬૫
- સ્વ. અલ્પાબેન પરબતજી ઠાકોર, ઉ.વ. ૪૦
- સ્વ. ઈશ્વરજી જીવણજી ઠાકોર, ઉ.વ. ૩૭